# જામનગર મહાનગરપાલિકા
## આરોગ્ય શાખા
## પ્રેસનોટ

### જામનગર કોર્પોરેશનમાં જુલાઈથી મિઝલ્સ રૂબેલા વેકસીનેશન ઝુંબેશનો પ્રારંભ થશે.
**ઝુંબેશ સફળ બનાવવા જામનગર કોર્પોરેશન ખાતે એક દિવસીય સેમિનાર યોજાયો.**

જામનગર મહાનગરપાલિકા હસ્તક આરોગ્ય શાખા, ધ્વારા જામનગરમાં ઓરી અને રૂબેલા નાબુદીકરણ કાર્યક્રમ યોજવામાં આવેલ જે જુલાઈ માસમાં આંગણવાડી, સરકારી–ખાનગી શાળા અને શાળાએ ન જતા ૯ માસ થી ૧૫ વર્ષ સુધીના બાળકોને આવરી લઈ તેમને મિઝલ્સ અને રૂબેલા વેકસીન આપી ઓરી તેમજ રૂબેલા (નુરબીબી)થી થતી જીવલેણ બીમારીથી રક્ષીત કરવામાં આવશે.

આ આયોજનનું સફળતાપૂર્વક અમલીકરણ થાય તે માટે તા.૧૫/૫/૨૦૧૮ ના રોજ મહાનગરપાલિકાના તમામ તબીબી અધિકારી, આઈ.સી.ડી.એસ.ના અધિકારી, શિક્ષણ વિભાગના અધિકારી, આચાર્ય અને કો–ઓર્ડીનેટરોને માર્ગદર્શન આપતા મિઝલ્સ–રૂબેલા રસીકરણ વર્કશોપ માન.કમિશ્નરશ્રી આર.બી. બારડ તથા WHO ના SMO શ્રી ડો. વિનય કુમારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ વર્કશોપમાં આઈ.પી.એ.ના પ્રેસીડન્ટશ્રી ડો.મૌલિક શાહ, પિડીયાટ્રીકટ ડીપાર્ટમેન્ટના પ્રતિનિધિ, જી.જી.હોસ્પિટલના પ્રતિનિધિ, પી.એસ.એમ.ના પ્રતિનિધિ, નર્સિંગ કોલેજના પ્રતિનિધિ, એરફોર્સ, આર્મી, અને નેવી ના પ્રતિનિધિ હાજર રહયા હતા.

જન્મજાત બિમારી જેવી કે મંદબુધ્ધી, બહેરાપણું, જન્મજાત મોતિયો, જન્મજાત હદયની ખામી તેમજ ઓરી જેવા રોગો ને મિઝલ્સ અને રૂબેલા રસી લેવાથી મુકિત મળી શકે છે.

મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
જામનગર મહાનગરપાલિકા

---

પ્રતિશ્રી,

તંત્રીશ્રી,.......

આપના દૈનિકમાં લોક પ્રચાર અર્થે વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
જામનગર મહાનગરપાલિકા

.




MR workshop in valuable presence of Municipal Commissioner JMC


planning workshop For
vaccination campaign
2018-5-15 11:05


2018-5-15 11:18


2018-5-15 11:14